શો બાજ

# નેશનલ લેવલ બેડમિંટન પ્લેયરની OTT પર ફેલાતી કિર્તિ

# હાલ તો હું મારા કામને ડેટ કરું છું, બાકી લવ ઈઝ ઓલવેઇઝ વેલકમ્ડ્ જ છે



**બોલિવૂડ અને OTT પ્લેટફોર્મ પર ઘણી ફિલ્મોમાં સફળતા મેળવી ચૂકેલી કિર્તિ કુલ્હારીને જોઈ હશે; કિર્તિએ 'ખીચડી: ધ મૂવી'ના 'પમ્મી'ના રોલથી બોલિવૂડમાં ડેબ્યુ કર્યુ હતું અને આજે તેના નામ સાથે 'પિંક', 'ક્રિમિનલ જસ્ટીસ', 'ધ ગર્લ ઓન ટ્રેન', 'ફોર મોર શોટ્સ પ્લીઝ' ના બેસ્ટ સપોર્ટિંગ એક્ટ્રસના એવોર્ડ્સ જોડાયેલા છે. હાલમાં કિર્તિની ફેમસ સિરીઝ 'ફોર મોર શોટ્સ પ્લીઝ'ની ફોર્થ સિઝન આવી રહી છે તો ચાલો લઇએ એક શૉટ કિર્તિ સાથે...**

**તમારા કરિયરના શરૂઆત વિશે કેવી રીતે થઇ? આ સપનું હતું કે નસીબ?**

સપનું અને નસીબ બંને કહી શકાય એમ તો! મને પહેલેથી થિયેટરમાં કામ કરવાનું ગમતું. સ્કૂલ અને કોલેજમાં થિયેટર જોઇન કર્યું હતું, પછી જર્નાલિઝમનો કોર્સ કર્યો. ત્યારબાદ ધીમે ધીમે મને એડવર્ટાઇઝમેન્ટ્સની ઓફર્સ આવતી રહી. મારું બેકગ્રાઉન્ડ રાજસ્થાની છે પણ હું મુંબઈમાં મોટી થઈ છું એટલે સ્વાભાવિક રીતે જ ગ્લેમર તરફ વળેલી હતી.

**તમારા ફિલ્મનાં કેરેક્ટરમાં વિવિધતા જોવા મળે છે. એ પસંદગી કેવી રીતે કરો?**

પહેલી ફિલ્મ 'ખીચડી: ધ મૂવી' 2010માં આવી, જે કોમેડી હતી. મારી એ ડેબ્યુ ફિલ્મ હતી એટલે મને વધારે આઇડિયા ન હતો. તે પછી 'શૈતાન' જે થ્રિલર હતી અને મને તેની સ્ટોરી ગમી એટલે હા પાડી. 'પિંક', 'ઉરી: ધ સર્જિકલ સ્ટ્રાઇક', 'મિશન મંગલ' અને 'ઇન્દુ સરકાર'નું કન્ટેન્ટ અને સ્ટોરીટેલિંગ ખૂબ સારું હતું, તો કહી શકાય કે હું હંમેશા મજબૂત વાર્તાઓ પસંદ કરું છું.

**'પિંક' ફિલ્મમાં તમારો રોલ ખૂબ વખણાયો હતો. એ તમારા માટે પર્સનલી કેટલી મહત્ત્વની હતી?**

ઓનેસ્ટલી, 'પિંક' મારા માટે જીવન બદલી નાખનારી ફિલ્મ હતી. અમિતાભ બચ્ચન સર સાથે કામ કરવું ડ્રિમ મોમેન્ટ. તે ફિલ્મમાં મહિલાઓના અધિકારો, સમ્માન અને 'નો મીન્સ નો' વિશે વાત થઈ છે. આ ફિલ્મે મને ઘણી ઇન્સ્પાયર કરી છે. હું પોતે પણ આ વિષય પર ઘણું વિચારું છું, કારણ કે સમાજમાં મહિલાઓને ઘણી વખત ખોટી રીતે જોવામાં આવે છે.

**તમે ઘણાં ગંભીર રોલ બખૂબી નિભાવ્યા છે. OTTની 'ફોર મોર શોટ્સ પ્લીઝ'નો રોલ ખાસ છે?**

ગંભીર ફિલ્મમાં ગંભીર રોલ હોય જ્યારે 'ફોર મોર શોટ્સમાં ચાર ફિમેલ ફ્રેન્ડ્સની સ્ટોરી છે - ફ્રેન્ડશીપ, લવ, કરિયર અને જીવનની મુશ્કેલીઓ આપણી નોર્મલ લાઇફ જેવા છે. તેમાં એક્ટિંગની વધારે જરૂર નથી પડતી, નોર્મલી તમે જે ફીલ કરતાં હોવ તે જ સ્ક્રીન પર લાવવાનું છે. મને અંજના મેનનનો રોલ કરવામાં ઘણી મજા આવી કારણ કે તે રિયલ લાઇફ જેવું જ લાગે છે.

**તમે બાળપણમાં બેડમિન્ટનના ચેમ્પિયન હતા, બાળપણ વિશે જણાવશો, આજે પણ તમે કેવી રીતે ફિટ રહો છો?**

સ્કૂલમાં હું નેશનલ લેવલ પર બેડમિન્ટન રમતી હતી અને ઘણા મેડલ જીત્યા છે. મારા પપ્પા ઇન્ડિયન નેવીમાં કમાન્ડર હતા, એટલે તેમના ટ્રાન્સફર વખતે અમે અલગ અલગ શહેરો જેમ કે મુંબઈ, દિલ્હી અને કોચીમાં રહ્યા. તેનાથી મને વિવિધ શહેરો અને કલ્ચર જોવા મળી અને ડિસિપ્લિન શીખવા મળ્યું. બાળપણમાં ઘણું આઉટડોર રમતી હતી. આજે પણ હું ફિટનેસને પ્રાયોરિટી આપું છું - દરરોજ યોગા, જિમ અને રનિંગ કરું છું. હું વેજિટેરિયન છું અને હેલ્થી ફૂડ ખાઉં છું.

**તમારા પ્રોડક્શન હાઉસનું નામ 'કિન્ત્સુકુરોઇ ફિલ્મ્સ' કેમ પસંદ કર્યું?**

'કિન્ત્સુકુરોઇ' એ જાપાની કલા છે, જેમાં તૂટેલા વાસણને સોનાથી મદદથી જોડીને વધુ સુંદર અને મજબૂત બનાવવામાં આવે છે. હું એવી વાર્તાઓ બનાવવા માંગું છું જે લોકોના તૂટેલા અનુભવોને હીલ કરે અને તેમને મજબૂત બનાવે. અત્યાર સુધીમાં હું 'નાયિકા : અ ડાર્ક કોમેડી થ્રિલર' જેવા પ્રોજેક્ટ્સ પ્રોડ્યુસ કર્યા છે અને વધુ ફિલ્મ્સ અને સિરીઝ પર કામ કરી રહી છું. આ મારા માટે નવો પડકાર છે, પણ ખૂબ રોમાંચક છે.

**તમે ઘણી મલ્ટિસ્ટાર ફિલ્મો કરી છે, તમે બોલિવૂડમાં એક્ટ્રસની સ્થિતિ વિશે શું વિચારો છો? અને તમારા ફેવરિટ કો-સ્ટાર્સ કોણ છે?**

બોલિવૂડમાં મહિલાઓ માટે હવે વધુ તકો છે, પણ હજુ પણ ઇક્વલ પે અને મજબૂત રોલ્સની જરૂર છે. આજે OTTથી ઘણું બદલાયું છે. મારા ફેવરિટ કો-સ્ટાર્સ તો... બધા સાથે જ કામ કરવાનું ગમે, પણ અમિતાભ, વિકી કૌશલ અને તાપસી પન્નુને પસંદ કરીશ. તેઓ બધા ખૂબ ટેલેન્ટેડ છે.

**તમે ક્રુ-હેર કટ કર્યા હતા ત્યારે ઘણી કોન્ટ્રોવર્સી સર્જાઇ હતી. તમને કોઇ હાર્ટબ્રેક કે બિમારી?**

ના ભાઇ ના. હું નાની હતી ત્યારથી વિચારતી હતી કે એકવાર તો મારે બોય-કટ કરાવવું જ છે અને મારા ફેમેલીવાળા એની વિરુદ્ધમાં હતાં. જ્યારે હું સેલ્ફ-ડિપેન્ડેન્ટ થઇ ત્યારે વિચાર્યું કે આ જ સમય છે એટલે વધારે વિચારવા વગર ક્રુ-કટ કરાવી લીધા. જોકે તે સમયે મારું કમેન્ટ સેક્શન ટ્રોલિંગથી ભરાઇ ગયું હતું. મને એનાથી ફર્ક નથી પડતો. તે કોઇ રોલ માટે નહોતું મારા પોતાને માટે હતું, મેં ન્યુ લૂક રાખ્યો. બસ બીજું કંઇ નહોતું.

**ડિવોર્સ પછી તમારી લવ લાઇફ વિશે કંઇક અપ-ડેટ?**


હાલ તો હું મારા કામને ડેટ કરું છું. 2021માં સાહિલ સાથેના ડિવોર્સ પછી મારું ટોટલ ફોકસ કરિયર પર જ રહ્યું છે. એવું પણ નથી કે મારે ફરી લવ જ નથી કરવો, પણ લોકો ઇન્સ્પાયર થઇ આગળ વધે અને પોતાને માટે સ્ટેપ લઇ તે રીતે વર્ક કરી રહી છું, બાકી લવ ઈઝ ઓલવેઇઝ વેલકમ્ડ્. થોડા સમય પહેલાં સોશ્યલ મીડિયા પર રાજીવ સિદ્ધાર્થ સાથે પણ મારું નામ જોડવામાં આવ્યું હતું, પણ અમે ડેટ નથી કરતાં.

**તમારા ડિવોર્સ વખતનો અનુભવ કેવો હતો?**

મેં અને સાહિલે મ્યુચ્યુઅલી ડિવોર્સ લીધા હતા, અમે પેપરવર્ક નહોતું કરાવ્યું પણ અલગ પડી ગયા હતા. મારા પપ્પા અમારા ડિવોર્સના સપોર્ટમાં હતા, પરંતુ મમ્મી તે વિશે તૈયાર નહોતી અને ભારતની દરેક મમ્મીની જેમ તે પણ મને કોઇ પણ હિસાબે લગ્ન ટકાવી રાખવા માટે કહેતી હતી. મારું માનવું છે કે રોજેરોજના ઝઘડાઓ કરતાં અલગ રહી પોતાના ગ્રોથ પર ફોકસ કરવું બેટર છે. ●

## રીયલ સિરીયલ

# 'કબૂલ હૈ' થી 'સાત ફેરે' સુધી... સારાનાં બીજા લગ્ન



'બિદાઈ' ફેમ સારા ખાને તેના બોયફ્રેન્ડ એક્ટર-પ્રોડ્યુસર, અને 'કબૂલ હૈ' ફેમ ક્રિશ પાઠક સાથે સ્પેશ્યલ મેરેજ એક્ટના આધારે લગ્ન કર્યા છે. તેમના કોર્ટ મેરેજ પછી, આ કપલે પરંપરાગત રીતે 5 ડિસેમ્બરે હિન્દુ અને મુસ્લિમ બંને રીતરિવાજોથી લગ્ન કર્યા. સારાએ લગ્નના નવા ફોટા શેર કર્યા, જેમાં બંને લગ્નના ફોટા સામેલ છે.

આ કપલે 6 ઓક્ટોબરના રોજ કોર્ટમાં તેમના લગ્ન નોંધાવ્યા હતા. બંને અલગ અલગ ધર્મના હોવાથી તેમણે સ્પેશ્યલ મેરેજ એક્ટનો સહારો લીધો હતો. સારા ઈસ્લામ ધર્મ પાળે છે, તેથી પહેલા મુસ્લિમ વિધિ પ્રમાણે બંનેએ 'કબૂલ હૈ' કહીને નિકાહ કર્યા હતા. ક્રિશ પાઠક હિન્દુ હોવાથી હિન્દુ વિધિ પ્રમાણે પરંપરાગત સાત ફેરા ફરી બધા રિવાજોનું પણ આદરપૂર્વક પાલન કર્યુ હતું. સારાના પહેલાં લગ્ન અલી મર્ચન્ટ સાથે 2010માં થયા હતા, પરંતુ કોઈ કારણસર તેઓ 2011માં એકબીજાથી ડિવોર્સ લઈ છૂટા પડ્યા હતા. ત્યારબાદ સારા પોતાના કરિયર પર ફોકસ કરતી હતી. તેણે 'સપના બાબુલ કા... બિદાઈ', 'પ્રીત સે બંધી યે દોરી રામ મિલાયી જોડી', 'પ્યાર તુને ક્યા કિયા', 'જુનૂન - ઐસી નફરત તો કૈસા ઈશ્ક', 'ભાગ્યલક્ષ્મી' અને 'દિલ બોલે ઓબેરોય' જેવા શોમાં કામ કરી ચૂકી છે.

સારા અને ક્રિશની લવસ્ટોરી એક ડેટિંગ એપ પર શરૂ થઈ હતી. તેમણ એકબીજાના પ્રોફાઈલ ફોટો જોઈને જ પસંદ પડી ગયા હતા. ક્રિશ તેમના પ્રેમને Gen-Z ગણાવતા કહે છે કે, 'અમે બંને હાર્ટબ્રેકમાંથી મૂવ-ઓન કરતાં હતા. હું ક્યારેય લગ્ન કરવા નહોતો માંગતો કારણ કે મારો ઉછેર સિંગલ મધર દ્વારા થયો હતો અને હું લગ્નથી દૂર રહેવાનું પસંદ કરતો. બીજી બાજુ, સારાએ તેના માતાપિતાના સ્ટ્રોંગ રિલેશનને જોયું હતું અને હંમેશા તે પ્રકારની સ્થિરતા ઈચ્છતી હતી. સારા પણ ટાઈમપાસ કે કેઝ્યુઅલ ડેટિંગ કરવા ન માંગતી હતી અને સેટલ થવું હતું એટલે બંનેએ લગ્ન કરવાનું નક્કી કર્યું. નોંધપાત્ર છે કે સારા ક્રિશ કરતાં 4 વર્ષ મોટી છે. ●

# 'Never Give Up' કેહતો જૉન સીના WWE માંથી રિટાયર થયો




વાયરલ

WWE (વર્લ્ડ રેસલિંગ એન્ટરટેઈનમેન્ટ) ના સૌથી ફેમસ, બોડી બિલ્ડર, ક્યારેય ન હારતો, અનબીટેબલ સુપરસ્ટાર જૉન સીનાએ 23 વર્ષની પોતાની WWE ના કરિયરમાંથી રિટાયર થયો છે. જે જાણી તેના ફેન્સને તેની હાર કરતા વધારે દુ:ખ અને શોક લાગ્યો છે.

13 ડિસેમ્બર, 2025 Saturday Night's Main Event માં જૉને તેની છેલ્લી રિંગ ફાઈટ હતી. એમ તો જૉન સીનાએ ગયા વર્ષે "મની ઈન ધ બેંક" ઈવેન્ટમાં જાહેરાત કરી હતી કે તે 2025 ના અંત સુધીમાં રિટાયર થશે. બે દાયકાથી વધુ સમય સુધી રિંગમાં રાજ કરનારા જોન સીનાએ આખરે પોતાની કારકિર્દીનો અંત લાવી દીધો છે. 48 વર્ષની ઉંમરે, સીનાએ ગુંથર સામે પોતાની લાસ્ટ મેચમાં હાર્યા બાદ પ્રોફેશનલ ફાઈટિંગથી રિટાયરમેન્ટ લીધી છે. આ મેચ ફેન્સ અને જૉન માટે ઈમોશ્નલ હતી. સીના મેચની શરૂઆતમાં ફોર્મમાં હતો, પરંતુ જેમ જેમ સમય વધતો ગયો તેમ તેમ તેમની તાકાત ઓછી થઈ અને અંતે હાર સ્વીકારવી પડી. લગભગ 20 વર્ષમાં આ પહેલી વાર હતું જ્યારે જોન સીનાએ કોઈ મેચમાં ટેપ આઉટ કર્યું હતું. જૉન સૌથી વધુ વખત, એટલે કે, 17 વખત WWE ચેમ્પિયનશિપ જીતી છે. છેલ્લી મેચ હાર્યા પછી, જોન સીનાએ ફેન્સને સલામ કરી અને રિંગને અલવિદા કહ્યું. મેચ પછી, ટ્રિપલ એચ, સ્ટેફની મેકમોહન, સીએમ પંક, કોડી રોડ્સ, ધ અંડરટેકર જેવા સાથીઓ જેમની સામે ક્યારેક જૉન લડ્યો હતો તેમને પણ શુભકામના પાઠવી. ખૂશીની વાત એ છે કે જૉન સીના ઈન-રિંગ સ્પર્ધામાંથી રિટાયર થયા છે. પરંતુ WWE સાથેનો તેમના સંબંધ પૂરો નથી થયો. ઍંબેસેડર (Ambassador) તરીકે જોડાયેલો રહેશે અને નવા ફાઈટર્સને તૈયાર કરશે... બાકી WWE નાં ટ્રમ્પ કાર્ડ ગેમમાં જૉન સીનાને જોઈ જે ખૂશી મળતા તેની જગ્યા કોણ લેશે? ●

# આશિષ ચંચલાણીની 'એકાકી'માં શું રહસ્ય છે?




આશિષે લગભગ 2 વર્ષ મહેનત કરી સ્ક્રિપ્ટ લખવામાં, 90 દિવસ સિરીઝનું શૂટિંગ, ડાયરેક્શન, એક્ટિંગ, પૈસા અને યુટ્યૂબનો 10-12 વર્ષનો અનુભવ એ બધાને એક સાથે લાવીને 'એકાકી' સિરીઝ બનાવી છે. આશિષે કોઈ OTT કે ફિલ્મ મેકર્સને આ સિરીઝ આસાનીથી વહેચી શકે એમ હતો, પણ આશિષે એક દાવ ખેલ્યો છે, જો આ દાવ જીતશે તો ભવિષ્યમાં આશિષ ખૂબ જ સારૂ કમાઈ શકશે અને ફિલ્મ જગતમાં પણ આવી શકે તેમ છે. કેમ કે હાલના ગ્રેટ ડાયરેક્ટરોમાંના એક ડાયરેક્ટર S.S. રાજામૌલી કોઈ ફિલ્મ વિશે ટ્વિટ કરે તો કદાચ લોકોને નવાઈ ન લાગે પરંતુ એક યુટ્યૂબરના કામની જ્યારે સરહાના થાય ત્યારે નવાઈ જરૂર લાગે છે! આશિષની યુટ્યૂબ સિરીઝ એકાકી ચેપ્ટર 3 આવી રહ્યું છે ત્યારે લોકો આ સિરીઝ જોશે તે નક્કી.

સસ્તા બીગબોસ અને સસ્તા શાર્ક ટેન્ક પછી આશિષ ચંચલાનીની હવે વેબ સિરીઝ પણ આવી છે. જે લોકો આશિષ ચંચલાણીને જાણતા હશે તેને ખબર જ હશે કે કોઈ પણ હિટ કે વધુ TRP મેળવતો શો હોય તેનું સ્પૂફ બનાવવામાં આશિષ પહેલો હોય અને તેની મહેનત અને ડાયરેક્શન પણ વખાણવા લાયક તો છે. 'સસ્તા શાર્ક ટેન્ક' ખૂબ ફેમસ પણ થયું હતું એટલી હદે કે શાર્ક ટેન્ક ઈન્ડિયાના શાર્ક પણ આશિષ સાથે કોલોબ્રેશન કરવા આવેલા.


ACV સ્ટુડિયો દ્વારા 'એકાકી' વેબ સિરીઝ બનાવીમાં છે જે આશિષની પહેલી વેબ સિરીઝ છે. પહેલો એપિસોડ, 'એકાકી ચેપ્ટર 1: પ્રેઝન્સ,' ACV સ્ટુડિયોની યુટ્યુબ ચેનલ પર ફ્રી રિલીઝ કરવામાં આવ્યો હતો. આ 36-મિનિટનો એપિસોડ એક મિસ્ટ્રી-હોરર-કોમેડી છે.

આશિષ એક યંગ રાઈટરના કેરેક્ટરમાં છે જે એક જૂની હવેલીમાં મિસ્ટીરીયસ ઘટનામાં ટાર્ગેટ બને છે. આ એપિસોડ એક યંગ રાઈટર (આશિષ ચંચલાની) થી શરૂ થાય છે જે એક જૂની હવેલીમાં જાય છે અને વિચિત્ર ઘટનાઓનો સામનો કરે છે - ઝબકતી લાઈટ્સ, ફફડાટ અને તેની પાછળ આવતી 'પ્રેઝેન્ટ'. સ્ટોરી એક સાઈકોલોજીસ્ટ થ્રિલર તરીકે શરૂ થાય છે, પરંતુ ઝડપથી હોરર-કોમેડીમાં ફેરવાય જાય છે. જે આશિષની યુટ્યુબ સ્ટાઈલ સાથે મેળ ખાય છે. કોમેડી ઓવર-ધ-ટોપ છે. 23 મિનિટનો બિલ્ડ-અપ સારો છે, એપિસોડ 'પ્રેસેન્ટ' નામની એક સુપરનેચરલ પ્રેસેન્ટનો પરિચય કરાવે છે, જે સિરિઝનું સેન્ટર પોઈન્ટ છે. વધારે પડતા ડાયલોગ અને વેબ સિરીઝનું બજેટ ઓછું હોવાથી આ એપિસોડ નબળો પડે છે. એક્ટિંગ અને કાસ્ટ: આશિષનો ડબલ રોલ, પણ સપોર્ટિંગ એક્ટરોએ પણ સારું કામ કર્યું છે. આશિષ ચંચલાણી ડબલ રોલ ભજવે છે - એક સિરિયસ રાઈટર તરીકે અને બીજો તેના કોમિક રોલ તરીકે - જે તેની તાકાત છે. જોકે, સિરિયસ સાઈડમાં તે અનબિલીવેબલ લાગે છે, જ્યારે કોમેડી સિન્સમાં સારૂ કરે છે. સપોર્ટિંગ એક્ટરોમાં, જાદુ (જાદુ કિંગ) ફ્રેન્ડના રોલમાં છે, પરંતુ તેની એક્ટિંગ એવરેજ રહી.

વેબવૉચ

પ્રોડક્શન વેલ્યૂ ઓછી છે સેટ જૂની હવેલી જેવો દેખાય છે, પરંતુ લાઈટિંગ અને સાઉન્ડ ડિઝાઈન હોરર વાતાવરણ બનાવે છે.

એડિટિંગ ક્રિએટિવ છે, બેકગ્રાઉન્ડ મ્યુઝિક સસ્પેન્સફુલ છે, આ આશિષની પોતાની ચેનલ, ACV સ્ટુડિયો દ્વારા પ્રોડક્શન છે, તેથી બજેટની મર્યાદાઓ સ્વાભાવિક છે. ●



# કિંજલ દવેને નાતબહાર કેમ કરાઈ?

કિંજલ દવેની સગાઈને પત્યા પછી પણ લોકોની ગપશપ નથી પતી રહી. ગયા અઠવાડિયે કિંજલ દવે અને ધ્રુવીન શાહની સગાઈ પર કિંજલનો એક્સ-બોયફ્રેન્ડ પવન જોશી અને તેના ફોલોઅર્સ કિંજલની બેવફાઈ વિશે કમેન્ટ કરતા હતા તે જાણ્યું હવે ટ્રોલર્સની સાથે સમાજ પણ આમાં શામેલ થયો છે. હવે થોડા દિવસો પહેલાં બ્રહ્મ સમાજ તરફથી કિંજલ દવે અને તેના પરિવારને નાત-બહાર કરી દેવામાં આવ્યાં છે. કિંજલ દવે પાંચ પરગણા ઔદિચ્ય બ્રહ્મ સમાજની છે. આ સમાજની બેઠકમાં શિહોરી ગામમાં નિર્ણય લેવાયો કે કિંજલે જ્ઞાતિ બહારના વ્યક્તિ સાથે સગાઈ કરી એટલે કિંજલ અને તેના પરિવારને જ્ઞાતિમાંથી બહાર કરવામાં આવે. આ બેઠકમાં કિંજલના દાદા હાજર હતા.

ગપશપ

આ વાતથી નારાજ થઈને કિંજલે ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો પોસ્ટ કર્યો. તેમાં તેણે કહ્યું કે, 'મને બ્રહ્મકન્યા હોવાનો ખૂબ ગર્વ છે. મારા પિતા અને પરિવાર હંમેશા મારી સાથે રહ્યા છે. જ્યારે વાત મારા પિતા પર આવશે તો હું ભગવાનને પણ છોડવા તૈયાર નથી. દીકરીઓને ઉડવા માટે પાંખો મળી છે પણ કેટલાક લોકો તે પાંખો કાપવાની વાત કરે છે. આજે દીકરીઓ વિમાન ઉડાવે છે, યુદ્ધમાં લડે છે, સંસદમાં છે અને વિજ્ઞાનમાં આગળ છે. જ્યારે બીજી બાજુ હજી પણ સમાજમાં સાટાપ્રથા ચાલે છે, બાળલગ્ન થાય છે અને દીકરીઓને ઘૂંઘટમાં રાખવામાં આવે છે. હું પોતે પણ સાટાપ્રથાની પીડિત છું.'

તેણે લોકોને વિનંતી કરી કે અસામાજિક તત્વોને સમાજમાંથી દૂર કરો અને ચેતવણી આપી કે જો કોઈ તેમના પરિવાર વિરુદ્ધ ખરાબ કોમેન્ટ કરશે તો કાયદેસર પગલાં લેશે. આ વિવાદમાં ફિયોન્સે ધ્રુવીને કિંજલને સપોર્ટ કર્યો છે. જોકે, અગાઉના હોટ ટોપિક પવન જોશી તરફથી કોઈ રિએક્શન જોવા મળ્યું નથી. ●